# સાબરકાંઠાના ૬ બુટલેગરો જિલ્લામાંથી તડીપાર

## મેજિસ્ટ્રેટે કાયદાકીય ડંડો ઉગામી દારૂડિયાને દારૂવાળાઓની ઊંઘ હરામ કરી નાંખી

પ્રાંતિજ, તા. ૩

સાંબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તલોદ તાલુકાના સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી આશાબેન શાહે દારૂનો ધંધો કરનારા છ બુટલેગરો સામે કડક બનીને છ જેટલા ઈસમોને સાબરકાંઠા વિસ્તારમાંથી તડીપાર કરતાં દારૂના ધંધા સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

ગુજરાતમાં દારુબંધી હોવા છતાંય ઝડપી અને જલદી કમાણી કરી લેવા કેટલાક લોકો દારૂનો ધંધો ચલાવી લોકોના જીવન આપી અને શારીરિક રીતે બરબાદ કરી નાંખે છે. ને તેમની સામે વખતોવખત આવો ધંધો નહીં કરવા પોલીસ તથા સમાજને તંત્ર મથામણ કરે છે છતાંય આવા ધંધા બેરોકટોક ચલાવે રાખે છે. પ્રાંતિજ-તલોદમાં બુટલેગરોએ તેમના દારૂના ધંધાની પ્રવૃત્તિઓ ચાલુ રાખતાં સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત ઓફિસર આશાબેન શાહે કડક બનીને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૫૭(ગ) હેઠળ છ ઈસમોને સાબરકાંઠા, મહેસાણા, પંચમહાલ, ગાંધીનગર, બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાંથી ૧ વર્ષ માટે તડીપાર કરી ઉપરોક્ત છ જિલ્લાઓમાં પ્રવેશ સામે મનાઈ ફરમાવી છે.

તડીપાર કરાયેલા છ ઈસમોમાં (૧) ભીખુસિંહ મોહનસિંહ પરમાર (વરવાડા), (૨) જયંતિભાઈ મોહનભાઈ વાઘરી (રણાસણ), (૩) ટીનાજી ઉર્ફે જયંતિભાઈ (રણાસણ), (૪) ઈશ્વરભાઈ ભાઈલાલ પરમાર (રણાસણ), (૫) જાબુયા જવાનસિંહ સોલંકી (વક્તાજીના મુવાડા), (૬) જગદીશ ઉર્ફે ભૂરીયો રંગુસિંહ ઝીલા (અતિરોલીવાસ પુજાજી). આમ દારૂના ધંધાના આ બુટલેગરો સામે સબડિવિઝનલ મેજિસ્ટ્રેટે કડક બની કાયદાકી ડંડો ઉગામી દારૂડિયાને દારૂવાળાઓની ઊંઘ હરામ કરી નાંખી છે.છ બુટલેગરોને છ જિલ્લામાંથી તડીપાર કરતાં આ વિસ્તારનાં અન્ય દારૂનો ધંધો કરતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને હાલ પુરતો દારૂનો ધંધો સમેટી લીધો છે.



## પ્રાંતિજની ૨૧ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૮૫ ટકા મતદાન થયું

પ્રાંતિજ તાલુકામાં આવેલા ૨૧ ગામડાઓમાં ગ્રામ પંચાયતોના સરપંચો તથા વોર્ડના સભ્યોની ચૂંટણી આજે ભારે કુતુહલતાના વાતાવરણમાં સંપન્ન થઈ હતી. આ તમામ ચૂંટણી પ્રક્રિયાનાં મતદાન મથકો ઉપર ઈ.વી.એમ. મશીનોથી મતદાન થયું હતું ને લોકોને પણ આ વખતે ચૂંટણીમાં ભારે અને ઉત્સુકતાથી મતદાન કર્યું હતું. ચૂંટણી આચારસંહિતાના ચૂસ્ત અમલ સાથે કાયદો ને વ્યવસ્થાને તંત્ર તથા પી.આઈ. એમ.ડી. ઉપાધ્યાયે કડકાઈને ચોકસાઈથી બનાવતા તમામ બુથો પર શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થઈ હતી. જેમાં આજે મતદાન સાંજે પાંચ કલાક સુધીનું ૮૫ ટકા મતદાન થયું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ડીસામાં પોલીસની રહેમ નજર હેઠળ મુસાફરોના જીવન સાથે કરાતા ચેડાં

## દર માસે હપ્તો આપતા ગાડીઓવાળા ઘેટાં-બકરાંની જેમ મુસાફરો બેસાડે છે



ડીસા, તા.૩

પોલિસ તંત્રની રહેમ નજર હેઠળ નિતી નિયમોના ધજીયા ઉડાવી દોડતા વાહન ચાલકોના અકસ્માત સમયે અનેક લોકોને જીંદગી છોડવી પડતી હોય છે. ડીસા તાલુકામાં પણ ડીસાથી પાટણ તરફ તેમજ ગ્રામ્ય વિસ્તારોના રૂટમાં દોડતી પેસેન્જર ગાડીઓ તેમજ છોટાહાથી, જીપડાલા, છકડા જેવા માલવાહક વાહનોમાં મોટા પ્રમાણમાં ઘેટાં બકરાની જેમ મુસાફરો ભરવામાં આવી રહ્યા છે આમ છતાં ટ્રાફીક પોલીસ મુક પ્રેક્ષક બની રહી છે.

ડીસા-પાટણ તેમજ ગ્રામ્ય વિસ્તારોના રૂટ પર દોડતી તમામ ગાડીઓના હપ્તા બાંધેલા છે. જેમાં કમાન્ડર, તુફાન જેવી ગાડીઓ તો પોલિસ અધિકારીઓની દોડી રહી છે જેમની પાસેથી હપ્તો લેવામાં આવતો નથી જયારે અન્ય વાહન ચાલકો પાસેથી દર માસે મોટી રકમના હપ્તા ઉઘરાવવામાં આવે છે જેના કારણે જીપચાલકોને ફરજીયાત દર માસે હપ્તો આપવો પડે છે. જો હપ્તો સમયસર ન ભરાય તો ગાડીઓ ડીટેઈન કરવામાં આવે છે. આ બાબતે જીપચાલકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે પોલિસ દ્વારા દરેક ગાડી વાળા પાસેથી ૩૦૦૦ હપ્તો વસુલવામાં આવે છે જેનો ખર્ચ કાઢવા માટે વધુ પેસેન્જર ભરવા પડે છે એક તરફ ડીઝલનો ભાવ વધી ગયો છે ત્યારે પોલીસનો હપ્તો તેમજ ડ્રાયવર-કડંકટરનો પગાર કાઢવા માટે અમારે ના છુટકે પાસિંગ કરતા વધારે સંખ્યામાં મુસાફરો બેસાડવા પડે છે. આમ પોલિસની હપ્તાખોરીના કારણે વાહનોમાં ખુંદી ખુંદીને મુસાફરો ભરાય છે અને જયારે અકસ્માત થાય ત્યારે નિર્દોષ મુસાફરો કાળનો કોળિયો બની જતા હોય છે ત્યારે જિલ્લા પોલિસ અધિક્ષક દ્વારા આ મામલે કડક કાર્યવાહી કરવાની તાતી જરુરીયાત છે.

# બનાસકાંઠાના કાંકરેજ તાલુકા પંચાયતના ૧૦૩ અને જિલ્લા પંચાયતના ૨૧ ફોર્મ ભરાયા

કાંકરેજ, તા. ૩

આગામી સમયમાં યોજાનારી કાંકરેજ તાલુકા પંચાયતની ચૂંટણી માટે ૧૦૩ ફોર્મ ભરાયા છે, જ્યારે જિલ્લા પંચાયતની ચૂંટણીના ૨૧ ફોર્મ ભરાયા છે.

કાંકરેજ જિલ્લા પંચાયતની ૫ સીટો પૈકી ૨૧ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં ખીમાણા-૩ શિહોરી૮, તેરવાડા-૪, ઉણ-૨, વડા-૪ અલગ અલગ રાજકીય પક્ષોમાંથી ઉમેદવારી નોંધાવી છે. જ્યારે કાંકરેજ તાલુકાની ૨૫ સીટો માટે કુલ-૧૦૩ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. જેમાં આંગણવાડા-૫, બુકોલી-૪, ચાંગા-૩, ચેખલા-૫, દુગરાસણ-૩, કાકર-૫, કંબોઈ-૮, ખારીયા-૬, ખીમાણા-૩, ખોડા-૩, કુંવારવા-૩, માંડલા-૪, મોટા જામપુર-૨, નાથપુરા-૫, રાણકપુર-૫, રાંનેર-૪, શિહોરી-૧-૩, શિહોરી-૨-૨, તાણા-૫, તાંતીયાણા-૩, તેરવાડા-૪, ઉંબરી-૨, ઉણ-૪, વડા-૧-૬, વડા-૨-૫ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. સૌથી વધુ કંબોઈ સીટમાં ૮ ઉમેદવારો વચ્ચ ચૂંટણીનો જંગ જામશે. જો કે ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. અત્યારે કાંકરેજ વિસ્તારમાં ચૂંટણીમય વાતાવરણ ઉભુ થયું છે. જ્યાં જુવો ત્યાં લોકો ચૂંટણીમાં કોણ જીતશે અને કોની તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત રચાશે તેની ચર્ચા ચારેકોર ચાલે છે.

# ઈડરના કેશરપુરા ગામે આધેડ મહિલાની કુહાડી મારી કરેલી હત્યા

હિંમતનગર, તા.૩

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ઈડરથી ૧૭ કીમી દુર આવેલ કેશરપુરા ગામે રવિવારના રોજ વહેલી સવારે યુવતી ભગાડી લઈ જવાની શંકાએ યુવતિના પિતાએ યુવકની માતાની ઉંધી કુહાડી મારી હત્યા કરી હતી. જાદર પોલિસે એ હત્યા અંગે ગુનો નોંધી આધેડ મહિલાની હત્યા કરનારાને પકડી પાડી જેલ હવાલે કરી દીધેલ છે.

આ અંગેની વિગત આપતા જાદર પોલિસ મથકના પીએસઆઈ એસ.એન. ગોહિલ એ જણાવેલ કે બરોડા જિલ્લાના વાઘોડિયા તાલુકાના સોનીપુર ગામના રમણભાઈ ડાહ્યાભાઈ બારિયા અને પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના મોતીપુરા ગામના દિલીપભાઈ ધીરુભાઈ નાયક બંને જણા તેમના પરિવાર સાથે સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના કુબા ધારોલ ગામે ખેતર ભાગમાં રાખી મજુરી કામ કરતા હતા જે બંને પરિવાર ત્રણેક મહિના પહેલા ઈડર તાલુકાના કેશપુરા ગામે રહેતા ગુલામહુસેન વજીરભાઈ જેધવાના ખેતર પરના કુવા પરની બે ઓરડીમાં રહેતા અને મજુરી કામ કરતા હતા. દરમિયાન રવિવારના રોજ સવારે દિલીપભાઈ ધીરુભાઈ નાયકની દિકરી શિલ્પા ઘરમાં ન હતી જેથી બાજુમાં રહેતા રમણભાઈ ડાહ્યાભાઈ બારિયાના ઘરમાં રમણભાઈનો દિકરો દિનેશ પણ ન હતો જેથી દિલીપભાઈ ધીરુભાઈ નાયકને શંકા ગઈ કે મારી દીકરીને રમણભાઈનો દીકરો ભગાડી ગયો છે તેથી ગુસ્સે ભરાયેલા દિલીપભાઈ સવારે ૫ વાગેના સુમારે રમણભાઈ ડાહ્યાભાઈ બારિયા અને તેમની આધેડ પત્ની અંદાજે ૫૦ વર્ષની કુસુમબેન રમણભાઈ બારિયા સાથે યુવતીને ભગાડી જવાની બાબતે બોલાચાલી કરી હતી અને નજીકમાં પડેલી કુહાડી દિલીપભાઈએ હાથમાં લઈ કુસુમબેનની છાતી, પીઠ, હાથના ભાગે ઉંધી કુહાડી વડે મૂઢ માર મારી હત્યા કરી નાખી હતી. આ હત્યા અંગે રમણભાઈ ડાહ્યાભાઈ બારિયાની દીકરી આ ઘટના અંગે ખેતરના માલિક ગુલામહુસેન વજીરભાઈ જેધવાને ઘરે જઈ જાણ કરી હતી તેથી તુરંત ગુલામહુસેન જેધવા કુવા પર દોડી ગયા હતા અને જાદર પોલિસ મથકે જાણ કરી હતી.

પોલીસે સ્થળ પર પહોંચી હત્યા કરવામાં વપરાયેલ કુહાડી કબજે લઈને કુસુમબેનની લાશ પોસ્ટમોર્ટમ માટે ઈડર સિવિલમાં મોકલી આપી હતી. આ અંગે મૃતક કુસુમબેનના પતિ રમણલાલ બારિયાની ફરિયાદ આધારે દિલીપભાઈ ધીરુભાઈ નાયક વિરુધ્ધ હત્યાનો ગુનો નોંધી હત્યારા દિલીપભાઈ ધીરુભાઈ નાયકને મોડી સાંજે પકડીને જેલ હવાલે કરી દીધો હતો.



ડીસા-પાટણ હાઈવે રોડ પર આવેલા ભોપાનગર પાસે પાર્ક કરેલી ટ્રક નં.જીજે ૨૪ યુ ૨૫૬૪ અચાનક ખડી પડતાં સામેના ઘરમાં ઘુસી જવા પામી હતી. મકાન માલીક મગનભાઈ ઘાપા (રબારી)ના પરિવારજનો બહાર ગામ ગયા હોવાથી જાનહાની ટળી ગઈ હતી. પરંતુ વરંડાની દિવાલ અને દરવાજાને નુકસાન થયુ હતું. ડ્રાયવરે બે કાળજી પુર્વક ટ્રકને ગેરમાં કર્યા વિના જ ઢાળમાં પાર્ક કરતા આ અકસ્માત સર્જાયો હોવાનું આજુબાજુના વેપારીઓએ જણાવ્યુ હતું. (તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

## હરસોલ બસ સ્ટેન્ડમાં અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો

તાજપુરકેમ્પ-૩

તલોદ તાલુકામાં આવેલ હરસોલ ટીંબા તળાવ ચોકડી પાસે બસ સ્ટેન્ડમાંથી બે દિવસ અગાઉ ૫૫ વર્ષીય અસ્થિર મગજના પુરૂષનો મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ ઘટના અંગે તલોદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તલોદ તાલુકાના હરસોલ ટીંબા તળાવ ચોકડી પાસે સ્થિત બસ સ્ટેન્ડમાં છેલ્લા ઘણા સમયથી એકલો અટુલો રહેતો અને માનસિક રીતે અસ્વસ્થ ૫૫ વર્ષીય આધેડનો બે દિવસ પહેલા મૃતદેહ મળી આવતા સમગ્ર બસસ્ટેન્ડમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે આવી મૃતદેહનું પંચનામુ કરી ગુનો દાખલ કર્યો હતો અને મોતનું સાચુ કારણ શોધવા તજવીજ હાથ ધરી છે.

# ભાભર સુઈ ગામ હાઈવે પર ટ્રકની અડફેટે બાઈકસવારનું મોત

ડીસા, તા.૩

ભાભર તાલુકાના તેતરવાથી બાઈક લઈને ભાભર જવા નિકળેલા યુવકને પુર ઝડપે આવી રહેલ ટ્રકે ટકકર મારતા તેને ગંભીર ઈજાઓ થવા પામી હતી. યુવકને ૧૦૮ દ્વારા સારવાર અર્થે ડીસા ખસેડાયો હતો પરંતુ રસ્તામાં જ તેનું પ્રાણ પંખેરું ઉડી જવા પામ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ થરાદ તાલુકાના ઢીમા ગામનો ૨૨ વર્ષનો યુવક મહેશ ભારથી ભેમા ભારથી ગોસ્વામી આજરોજ ભાભરના તેતરવાથી ભાભર જવા માટે બાઈક લઈને નિકળ્યો હતો ત્યારે ભાભર સુઈગામ હાઈવે પર સામેથી પુર ઝડપે અને ગફલત ભરી રીતે આવી રહેલા ટ્રકના ચાલકે ધડાકાભેર ટકકર મારતા મહેશભારથીને માથાના ભાગે ગંભીર પ્રમાણમાં ઈજાઓ થવા પામી હતી અને બાઈકનો ખુરદો બોલી ગયો હતો. અકસ્માત થતાં જ પસાર થતા વાહનચાલકોએ ભાભર ૧૦૮ને બોલાવતા ૧૦૮ દ્વારા તાત્કાલિક તેને ડીસા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો પરંતુ રસ્તામાં જ તેનું મોત નિપજયું હતું.

ડીસા સરકારી હોસ્પિટલમાં તેના સગા સંબંધીઓ દોડી આવ્યા હતા. તબીબોએ લાશના પી.એમ. માટે તૈયારી કરી હતી પરંતુ સમાજના અગ્રણીઓએ જણાવેલ કે અમારા સમાજની વ્યકિતને પી.એમ. કરાતું નથી એટલે તબીબે એ લાશને પડી રાખી હતી.




ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD

Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601



ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :

● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં

એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી

રવિવારે શો રૂમ

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા...

ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮